GJRJ020807152025

કેસ રજુ તા. ૧૧–૧૨–૨૦૨૫
કેસ દાખલ તા. ૧૧–૧૨–૨૦૨૫
કેસ ફેસલ તા. ૦૨–૦૫–૨૦૨૬
સમયઅવધિ: વર્ષ : માસ : દિવસ

## FORM–A

| | |
|---|---|
| **આંક :** | ૧૯ |
| કોર્ટનું નામ | ૧૫ માં એડિ. ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ (શ્રી એચ.એચ.ગુપ્તા) સમક્ષ, મુ.રાજકોટ |
| ચુકાદાની તારીખ | તા.૦૨/૦૫/૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ નંબર | ૬૨૭૩૧/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની વિગત | બી ડિવિઝન પોલીસસ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૦૮૦૫૧૨૫૦૮૧૦/૨૦૨૫,<br>તારીખ ૨૭–૦૯–૨૦૨૫ |
| ગુનો | જુગારધારાની કલમ–૧૨ મુજબ |
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિદ્વાન એ.પી.પી.શ્રી એ.ડી.પરમાર |
| આરોપીઓઃ– | ૧. પ્રેમિલાબેન રતીલાલ પિત્રોડા<br>૨. કંચનબેન પ્રવિણભાઇ ધામેસા<br>૩. રસીલાબેન જયસુખભાઇ બોરીસાગર<br>૪. જયશ્રીબેન રમેશભાઇ દુધાત્રા<br>૫. સાયરાબેન અલ્તાફભાઇ કુરેશી<br>૬. સોમલબેન ખુશાલભાઇ ધામેસા<br>બધા રહે: રાજકોટ |
| આરોપીપક્ષે | આરોપીઓ તરફે વિ.વ.શ્રી આઇ.એમ.સમા |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૭–૦૯–૨૦૨૫ |
| એફ.આઈ.આર. તારીખ | ૨૭–૦૯–૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૫–૧૧–૨૦૨૫ |
| પ્લી લીધા તારીખ | ૦૪–૦૨–૨૦૨૬ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૧૭–૦૩–૨૦૨૬ |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ | ૧૭–૦૩–૨૦૨૬ |

| | |
|---|---|
| જજમેન્ટની તારીખ | ૦૨–૦૫–૨૦૨૬ |
| સજા, હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## આરોપીઓની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રેમિલાબેન રતીલાલ પિત્રોડા | ૨૮–૦૯–૨૦૨૫ | ૨૮–૦૯–૨૦૨૫ | જુગારધારાની કલમ–૧૨ મુજબ | નિર્દોષ | | |
| ૨. | કંચનબેન પ્રવિણભાઇ ધામેસા | ૨૮–૦૯–૨૦૨૫ | ૨૮–૦૯–૨૦૨૫ | | | | |
| ૩. | રસીલાબેન જયસુખભાઇ બોરીસાગર | ૨૮–૦૯–૨૦૨૫ | ૨૮–૦૯–૨૦૨૫ | | | | |
| ૪. | જયશ્રીબેન રમેશભાઇ દુધાત્રા | ૨૮–૦૯–૨૦૨૫ | ૨૮–૦૯–૨૦૨૫ | | | | |
| ૫. | સાયરાબેન અલ્તાફભાઇ કુરેશી | ૨૮–૦૯–૨૦૨૫ | ૨૮–૦૯–૨૦૨૫ | | | | |
| ૬. | સોમલબેન ખુશાલભાઇ ધામેસા | ૨૮–૦૯–૨૦૨૫ | ૨૮–૦૯–૨૦૨૫ | | | | |

## FORM-C

**ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી.**

**અ. ફરિયાદપક્ષે સાહેદ લિસ્ટ.**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ૧૩ | હાર્દિકભાઇ મનસુખભાઇ ગાજીપરા | ફરિયાદી |
| ૧૫ | સંજયભાઇ ઉર્ફે દકો ગોવીંદભાઇ સોલંકી | પંચસાહેદ |
| ૧૭ | રાહુલભાઇ રાજેશભાઇ બોહકીયા | પંચસાહેદ |
| ૧૮ | ક્રિપાલસિંહ નરપતસિંહ જાડેજા | ત.ક.અ. |

**દસ્તાવેજી પુરાવા**

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| ૧૪ | ફરિયાદ | ખરી નકલ |
| ૧૬ | સ્થાનિક જગ્યાનું પંચનામું | ખરીનકલ |

**બ. બચાવપક્ષે સાહેદ લિસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| | --- | --- |

**ક. કોર્ટપક્ષે સાહેદ લિસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| | --- | --- |

**ફરિયાદપક્ષે/બચાવપક્ષે /કોર્ટપક્ષે આંક**

**અ. ફરિયાદ.**

| અ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | --- | --- |
| | | |

**બ. બચાવપક્ષે આંક**

| અ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | --- | --- |
| | | |

**ક. કોર્ટપક્ષે આંક**

| અ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | --- | --- |
| | | |

**ડ. કબજે કરેલ મુદામાલ.**

| અ. નં. | આર્ટિકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | --- | બી ડિવિઝન પોલીસસ્ટેશન મુદામાલ પાવતી નંબર ૨૦૩/૨૦૨૫ માં દર્શાવ્યા મુજબનો |

## ચુ કા દો

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૭/૦૯/૨૦૨૫ ના કલાક ૧૮:૪૫ વાગ્યાના અરસામાં આ કામના મહિલા આરોપીઓએ જાહેરમાં જુગાર ગંજીપતાના પતા વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા મળી આવી કુલ રોકડ રકમ રૂપિયા ૧૦,૩૨૦/- તથા ગુજીપતા કુલ નંગ-૫૨ કિંમત રૂપિયા ૦૦/- એમ કુલ કિંમત રૂપિયા ૧૦,૩૨૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ આરોપીઓએ જુગારધારાની કલમ-૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ બી ડિવિઝન પોલીસસ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૦૮૦૫૧૨૫૦૮૧૦/૨૦૨૫ થી એફ.આઈ.આર. નોંધી આરોપીઓ ની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપીઓ વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા તે આરોપીઓને બજતા આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીઓ ને જરૂરી નકલો પૂરી પાડી આરોપીઓનો આ કામે આંક-૦૫ થી ૧૦ સુધી ગુના સંબંધે જવાબ નોંધવામાં આવેલ જેમાં આરોપીઓને તેઓની સામેનો ગુનાનો ઈનકાર કરતા સદરહુ કેસનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**-:: મુદા ::-**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૭/૦૯/૨૦૨૫ ના કલાક ૧૮:૪૫ વાગ્યાના અરસામાં આ

કામના મહિલા આરોપીઓએ જાહેરમાં જુગાર ગંજીપતાના પતા વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા મળી આવી કુલ રોકડ રકમ રૂપિયા ૧૦,૩૨૦/– તથા ગુજીપતા કુલ નંગ–પર કિંમત રૂપિયા ૦૦/– એમ કુલ કિંમત રૂપિયા ૧૦,૩૨૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ આરોપીઓએ જુગારધારાની કલમ–૧૨ મુજબના સજાનેપાત્ર ગુનાઓ કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૨)** ઉપરોકત મુદાઓના નિર્ણયો તેના કારણો સાથે નીચે મુજબ છે.

(૧) મુદા નં.૧ઃ– નકારાત્મક

(૨) મુદા નં.૨ઃ– આખરી હુકમ મુજબ.

<u>**પુરાવાની ચર્ચા**</u>

**(૩) આરોપીઓ નું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:–**

ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થતા આરોપીઓ નું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે તેમજ બચાવપક્ષે કોઈ પુરાવો રજૂ કરવા ઈન્કાર કરતા દલીલો સાંભળવામાં આવેલ.

**(૪)** ફોજદારી ન્યાય શાસ્ત્રનો સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ વાજબી શંકાઓ વિના પુરવાર કરવાનો રહે છે તેમજ ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના સ્વતંત્ર પુરાવાથી પુરવાર કરવાનો રહે ફરીયાદપક્ષ આરોપીના કેસની નબળાઈનો લાભ મેળવી શકે નહી. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ તા. ૨૯–૦૯–૨૦૨૫ ના કલાક ૧૭:૦૦ વાગ્યાના અરસામાં આ કામના મહિલા આરોપીઓ જાહેરમાં ગંજીપાના વડે પૈસા વતી હારજીતનો જુગાર રમતા, ગંજીપાનાના પાના નંગ–પર તથા રોકડ રૂપિયા ૧૦,૩૨૦/– સાથે મળી આવેલાનો આક્ષેપ છે.

**(૫)** ફોજદારી કેસ સાબીત કરવાની ફરીયાદપક્ષના શીરે રહેલી છે. જે બાબતે રવીન્દ્રકુમાર ડેય વી. સ્ટેટ ઓફ ઓરીસ્સા ૧૯૭૭ એ. આઈ. આર. ૧૭૦ ના અને ત્યારબાદના ઘણા ચુકાદાઓમા નામ. સર્વોચ્ચ અદાલત અને વિવીધ વડી અદાલતો ધ્વારા ફોજદારી ન્યાય શાસ્ત્રોના મુખ્ય ત્રણ નિયમ નક્કી કરેલા છે. જે નીચે મુજબ છે.

૧) ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પરે સાબતી કરવો પડે.

૨) આરોપી જયા સુધી દોષીત ઠરે નહિ ત્યા સુધી નિર્દોષ હોવાનુ અનુમાન કરવુ જોઈએ.

૩) ફરિયાદપક્ષનો સાબિત કરવાનો બોજો કયારેય બદલાતો નથી.

આમ, સર્વોચ્ચ અદાલતના વિવીધ ચુકાદાઓ ધ્વારા ફોજદારી ન્યાય શાસ્ત્રના આ મુળભુત ત્રણ સીધ્ધાંત નકિક કરવામા આવેલા છે. જે અનુસાર ફરિયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી સાબીત કરવાની ફરજ રહેલ છે અને જયાં સુધી ફરીયાદપક્ષ આ હકિકત સાબીત કરી નહિ અને આરોપી દોષીત ઠરે નહિ ત્યા સુધી તે નિર્દોષ હોવાનુ અનુમાન કરવામા આવે છે. વધુમા ફરીયાદની હકિકત સાબીત કરવાનો બોજો ફરીયાદી ઉપરથી કયારેય પણ ખસતો નથી.

**(૬)** વધુમાં, સુરેન્દ્રકુમાર અને બીજા વીરૂધ્ધ સ્ટેટ ઓફ ઉતરપ્રદેશ ક્રિમીનલ એસ.એલ. પી.નં. ૬૯૬૫/૨૦૨૧ મા પણ ઠરાવવામા આવેલુ છે કે જયારે એક કરતા વધારે શકયતાઓ રહેલી હોય ત્યારે આરોપીની તરફેણમા અનુમાન કરવુ આવશ્યક છે. તે ચુકાદામા પણ ઠરાવવામા આવેલુ છે કે આરોપીને દોષીત સાબીત કરવાનો બોજો હંમેશા ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને તે કયારેય પણ ખસતો નથી.

**(૭)** વધુમાં, શ્રીમતી ગાર્ગી વી. સ્ટેટ ઓફ હરીયાણા ક્રિમીનલ અપીલ નં. ૧૦૪૬/૨૦૧૦ મા પણ ઠરાવવામા આવેલ છે કે, આરોપીઓ ફકત વ્યાજબી શંકા ઉભી કરવાની રહે છે. આરોપી પાસેથી આ શંકા પુરેપુરી સાબીત કરવાની અપેક્ષા રાખી શકાય નહિ. આરોપી દવારા વ્યાજબી શંકા ઉભી કરી દેવામા આવે તે પુરતુ છે. આમ, આ તમામ હકિકતો ધ્યાને લેતા ફોજદારી કેસ

વ્યાજબી શંકાથી પરે સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની રહેલી છે અને આરોપીએ વ્યાજબી શંકા પોતાની તરફેણમાં સાબીત કરવાની જરૂરીયાત રહે છે.

(૮) આમ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન ઉપર જણાવેલ ફોજદારી ન્યાય શાસ્ત્રના મુખ્ય સીધ્ધાંતોને અનુલક્ષીને કરવામા આવે તો આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ તીન પતીનો જુગાર રમી રમાતા અને પ્રીવેન્શન ઓફ ગેમ્બ્લીંગ એકટની કલમ ૧૨ મુજબ સજાને પાત્ર ગુનો કર્યાનો આક્ષેપ છે. આ બાબતે રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો આ કામે બનાવ વાળી જગ્યા જોઈએ તો તે રહેણાંક વીસ્તાર હોય અને અન્ય સ્થાનીક જગ્યાના માણસો આસાનીથી મળી શકી તેમ હોય. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ જે જગ્યામા તીન પતીનો જુગાર રમી રમાડતા હતા તેની આજુબાજુ આટલી બધી વસ્તી વિસ્તાર હોય તો ત્યાં સ્વાભાવીક પણે પોલીસ સાહેદો સીવાય સ્વતંત્ર સાહેદોની હાજરી સહેલાઈથી મળી શકી હોત આમ છતાં ફરીયાદપક્ષ દ્વારા આવા સ્વતંત્ર સાહેદોને સાક્ષી તરીકે ન બતાવવાનું કોઈ કારણ આગળ ધરવામાં આવેલ નથી. વળી પ્રોસીકયુશનના કેસ મુજબ આરોપીઓને પંચોની હાજરીમાં તીન પતીનો જુગાર રમી રમતા પકડી પાડયા હોય તેવુ કથન હોય તો પણ પંચ પ્રોસીકયુશનના કેસને રતીભાર સર્મથન અપાવતા નથી અને તેઓ પંચનામાની હકીકતથી તદ્દન વિપરીત રીતે તેવુ જણાવેલ છે કે, પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા નથી.

(૯) આ બાબતે સંજીતકુમાર સીંઘ ઉર્ફે મુન્ના કુમાર સીંઘ વી. સ્ટેટ ઓફ છતીસગઢ કિમીનલ અપીલ નં. ૮૭૧/૨૦૨૧ નો ચુકાદો ધ્યાને લેવામા આવે તો તેમા ઠરાવેલ છે કે, આમ, ઉપરોકત ચુકાદામા નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે ફોજદારી ન્યાય શાસ્ત્રના ફરીયાદની હકિકત માટે સ્વતંત્ર સાહેદોના સમર્થનની અપેક્ષા રાખવામા આવતી નથી. પરંતુ જયારે આવા સ્વતંત્ર સાહેદોના નીવેદન લેવામા આવે અને તેઓને સાક્ષી તરીકે તપાસવામા આવે અને તેઓ હોસ્ટાઈલ થાય અને ફરીયાદપક્ષના કેસની હકિકતથી વીરૂધ્ધની જુબાની આપે તેવા સંજોગોમા સર્ચ અને સીઝરને લગતા

પંચો ફરીયાદપક્ષના કેસથી તદન વીપરીત હકિકત જણાવે તેવા સંજોગોમા ફરીયાદપક્ષનો કેસ પતાના મહેલની જેમ તુટી પડે છે. આમ, હાલના કેસમા પણ ફરીયાદપક્ષ દ્વારા પંચોને તપાસવામા આવેલા છે. જેઓએ હોસ્ટાઈલ થયેલા છે અને પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપતા નથી. ઉલટાનુ તેઓ તૈયાર લખેલા કાગળમા પોલીસે તેઓની પાસે સહી કરાવેલાની હકિકત જણાવે છે. જે ફરીયાદપક્ષની ફરીયાદની હકિકત અંગે ઘણીજ મોટી શંકા ઉત્પન્ન કરે છે. જે શંકાનો લાભ ફરીયાદપક્ષ આરોપીને મળવો જરૂરી જણાય છે.

**(૧૦)** આમ, આવા સંજોગોમા માત્ર પોલીસ સાહેદોના નીવેદનો ઉપરથી આરોપીઓએ ફરીયાદમા જણાવ્યા મુજબનો આક્ષેપીત ગુનો કરેલાની હકિકત માની શકાય નહી. વધુમા આ કામે ફરીયાદમા પંચ સાહેદોના નામ પણ લખવામા આવેલા નથી કે શુ હારજીત થયેલી તે હકિકત પણ ફરીયાદમા કે સાહેદના નીવેદનમા જણાવવામા આવેલી નથી. વધુમાં, આ કામે આરોપીઓની ઓળખ અંગેના કોઈ પુરાવા જે તે સમયે કબ્જે કરવામા આવેલા નથી. જેથી તે હકિકત સાબીત થઈ શકે કેમ જે તે સમયે આ કામના આરોપીઓજ જુગાર રમતા પકડાયેલા વધુમાં ઘરમા જુગાર રમતા હોવાનો આક્ષેપ આ કામે કરવામા આવેલો છે. પરંતુ તે બાબતે પણ જુગાર જયા રમાડવામા આવતો હતો તે જગ્યાની માલિકી બાબતના કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે કબ્જે કરવામા આવેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસમા આ તમામ વિરોધાભાસો જણાય આવે છે. તેવા સંજોગોમા જયારે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામા આવેલા ન હોય અને સ્વતંત્ર કહી શકાય તેવા વ્યકિત તરીકે માત્ર પંચોને આ કામે સામેલ રાખવામા આવેલ છે તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પુરુ પાડેલુ નથી. અને તેઓએ પંચનામાની હકિકતનો અસ્વીકાર કરેલો હોય તેવા સંજોગોમા આ કામે સામેલ અન્ય પોલીસ સાહેદોને તપાસવામા આવે તો પણ ફરીયાદપક્ષનો કેસ પુરવાર થઈ શકે તેમ નથી. જેથી આ તમામ હકિકતો અને સંજોગો ધ્યાને લેતા આ આરોપીઓ તીન પતીનો જુગાર રમી–રમાતા હોવાનુ સાબીત થતુ નથી. ઉપરોકત કરેલી ચર્ચા અનુસાર ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકા રહીત રીતે

સાબીત કરવામા નીષ્ફળ નીવડેલ હોય તેવા સંજોગોમા મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નંબર ર સંબંધે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી ૧. પ્રેમિલાબેન રતીલાલ પિત્રોડા, ૨. કંચનબેન પ્રવિણભાઈ ધામેસા, ૩. રસીલાબેન જયસુખભાઈ બોરીસાગર, ૪. જયશ્રીબેન રમેશભાઈ દુધાત્રા, પ. સાયરાબેન અલ્તાફભાઈ કુરેશી, ૬.સોમલબેન ખુશાલભાઈ ધામેસા બધા રહે: રાજકોટવાળાને બી.એન.એસ.એસ. કલમ–૨૭૮(૧) અન્વયે બી ડિવિઝન પોલીસસ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૦૮૦૫૧૨૫૦૮૧૦/૨૦૨૫, જુગારધારાની કલમ૧૨ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદરહુ ચુકાદા વિરૂદ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ન હોય તો તે સંજોગોમાં આરોપીએ રૂપિયા ૫,૦૦૦/– ના અપીલ સમયના નવા જામીનખત અને જાતમૂચરકા રજુ રાખવા.

**૩.** સદરહુ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા તથા અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૨ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૨–૦૫–૨૦૨૬
રાજકોટ

**(હરીશ હનુમાનપ્રસાદ ગુપ્તા)**
૧૫ માં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
રાજકોટ
( જજ કોડ જીજે૦૧૧૮૨)